# ૧૫ એપ્રિલ –૨૦૧૬ (શુક્રવાર)

- **રામનવમી–ચૈત્રસુદ નોમ :**
- **માધવપુર ઘેડમાં વર્ષોની પરંપરા પ્રમાણે લગ્નોત્સવ :**
- માધવપુર ઘેડ વર્ષોની પરંપરા પ્રમાણે રામનવમીથી તેરસ સુધી ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્મણીજીનો ભવ્ય લગ્નોત્સવ દર વર્ષે ઉજવાય છે.
- આ પાંચ દિવસ દરમિયાન માધવપુરમાં લોકમેળો પણ યોજાય છે.
- **મેરિકોમ–બોક્સર :**
- ભારતની મહિલા બોક્સર મેરિકોમને આંતરરાષ્ટ્રીય બોક્સિંગ અસોસિએશન (AIBA) દ્વારા આગામી મહિલા વર્લ્ડ ચેમ્પિયનશીપ માટે એમ્બેસેડર બનાવાઇ છે.
- આ ટૂર્નામેન્ટ માટે આઠ બ્રાન્ડ એમ્બેસેડર બનાવાયા છે જે પૈકી મેરીકોમ એક છે.
- **ગંગા નદીને શુદ્ધ કરવા ભારત જર્મની વચ્ચે કરાર :**
- તાજેતરમાં ગંગા નદીને શુદ્ધ કરવા માટે ભારત જર્મની વચ્ચે મહત્વના કરાર કરવામાં આવ્યા.
- જર્મનીની રિન્દે અને ડેન્યૂબ નદીઓના પ્રદુષણ મુક્ત કરવા માટે વપરાયેલી ટેકનીક ગંગામાં પણ કામે લગાડશે
- **પ્રશ્નો :–**

(૧) ગુજરાતી માસ પ્રમાણે રામનવમી ક્યારે હોય છે ?
- ચૈત્ર સુદ નોમ

(૨) વર્ષોની પરંપરા મુજબ શ્રીકૃષ્ણ લગ્નોત્સવ પ્રસંગ કયા સ્થળે યોજાય છે ?
- માધવપુર ઘેડ

(૩) માધવપુર ઘેડમાં શ્રીકૃષ્ણ લગ્નોત્સવ દરમિયાન કેટલા દિવસ લોકમેળો યોજાય છે ?
- પાંચ

(૪) તાજેતરમાં આંતરરાષ્ટ્રીય બોક્સિંગ એસોસીએશન દ્વારા આગામી વર્લ્ડ ચેમ્પિયનશીપ માટે કઇ ભારતીય બોક્સરને બ્રાન્ડ એમ્બેસેડર બનાવાઇ ?
- મેરીકોમ

(૫) તાજેતરમાં ભારત સરકાર દ્વારા ગંગા નદીને શુદ્ધ કરવા કયાં દેશ સાથે કરાર થયા ?
- જર્મની

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧